# કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સીટી, જબુગામ દ્વારા કૃષિ અને તેના સંલગ્ન અભ્યાસક્રમની માહિતી આપતો કારકિર્દી સેમિનાર યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સિટી હેઠળ કાર્યરત કૃષિ મહાવિદ્યાલય, જબુગામ દ્વારા કૃષિ તથા તેના સંલગ્ન અભ્યાસક્રમોની માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા અને ભવિષ્યની કારકિર્દી અંગે માર્ગદર્શન આપવા હેતુસર શાળા સ્તરે માર્ગદર્શન સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં આ સેમિનારો રોજ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં આવેલી ભીલ ચંદાબેન ચુનીલાલ સરકારી ઉચ્ચતમ માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ) તેમજ કવાંટ તાલુકાની સરકારી ઉચ્ચતમ માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ) ખાતે અભ્યાસ કરતા ધોરણ ૧૨ના અંદાજે ૬૦ જેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને કૃષિ શિક્ષણ સંબંધિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૃષિ મહાવિદ્યાલય, આકૃયું, જબુગામ ખાતે ફરજ બજાવતા ડૉ. દીપ એમ. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક તથા કુમારી રાધિકા વાળા, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા ધોરણ ૧૨ પછીના સ્નાતક કક્ષાના તેમજ ધોરણ ૧૦ પછીના ડીપ્લોમા કક્ષાના વિવિધ અભ્યાસક્રમોની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને કૃષિ, બાગાયત, એગ્રીકલ્ચર ઇન્ફોર્મેશન ટેકનોલોજી, ફૂડ ટેકનોલોજી તથા એગ્રીકલ્ચર વ એન્જિનિયરિંગ જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા, અભ્યાસ દરમ્યાનની તકો તેમજ અભ્યાસ પૂર્ણ થયા બાદ ઉપલબ્ધ રોજગાર અને સ્વરોજગારની સંભાવનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. સાથે સાથે વર્તમાન સમયમાં કૃષિ અને સંલગ્ન અભ્યાસક્રમોની વધતી મહત્તા પર પણ વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો. આ પ્રકારના માર્ગદર્શન સેમિનારો વિદ્યાર્થીઓને યોગ્ય અભ્યાસક્રમ પસંદ કરવામાં તેમજ ઉજ્જવળ કારકિર્દી ઘડવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે. આ કાર્યક્રમનું સફળ આયોજન કવાંટ અને નસવાડી તાલુકાની શાળાના આચાર્ય ભાવિકાબેન રાવલ અને નેહાબેન પટેલ તથા અગ્રીકલ્ચર કોલેજ, જબુગામ ના આચાર્ય ડૉ. જે. બી. પટેલ ના સંયુક્ત પ્રયાશો દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ના કુલપતિ શ્રી ડૉ. કે. બી. કથીરિયાના માર્ગદશન હેઠળ કરવામાં આવ્યુ હતું.

